


એકમાત્ર પાલીતાણામાં ભાજપનું વર્ચસ્વ

# મંદિરોનાં શહેરોમાં ભાજપને હજુ વધારે ધ્યાન આપવાની જરૂર છે

## અંબાજીમાં વર્ષ ૧૯૯૮ બાદથી ભાજપની જીત થઈ નથી અન્ય ધાર્મિક સ્થળોની બેઠકો ઉપર પણ સ્પર્ધા વધુ તીવ્ર

અમદાવાદ,તા.૨૯

ગુજરાત રાજયમાં વિધાનસભાની ચૂંટણી માટેની વ્યૂહરચનામાં ભાજપ અને કોંગ્રેસ બંને વ્યસ્ત છે ત્યારે ભાજપ માટે નિરાશાજનક બાબત એ છે કે ધાર્મિક સ્થળોમાં ભાજપનું સંપૂર્ણપણે વર્ચસ્વ રહ્યું નથી. આંકડાઓ દર્શાવે છે કે ચોટીલા, દ્વારકા, સોમનાથ, ડાકોર, અંબાજી, પાવાગઢ, પાલીતાણા અને ગિરનાર જેવા ધાર્મિક અને પ્રવાસી સ્થળોમાં કોઈ પાર્ટીનું વર્ચસ્વ રહ્યું નથી. અલબત્ત પાલીતાણા અને ગિરનારમાં વર્ષ ૨૦૦૭ અને ૨૦૦૯ની ચૂંટણીમાં ભાજપે જીત મેળવી હતી પરંતુ આંકડાઓ દર્શાવે છે કે ઉમેદવારોનો મામલો અહીં વધારે મહત્વપૂર્ણ છે. ધર્મનો મામલો વધારે મહત્વપૂર્ણ નથી. ગુજરાતમાં જ્યાં મોટા મંદિરો આવેલા છે તે પૈકી માત્ર પાલિતાણામાં જ ૧૯૯૫ બાદથી ભાજપે તેનું વર્ચસ્વ જાળવી રાખ્યું છે. અંબાજી મંદિર વિસ્તારમાં પણ ભાજપની સ્થિતિ સારી રહી નથી. અહીં છેલ્લે ૨૦૦૭ની ચૂંટણીમાં કોંગ્રેસે જીત મેળવી હતી. ૨૦૦૨માં પણ કોંગ્રેસે જીત મેળવી હતી. ૧૯૯૮માં પણ કોંગ્રેસની જીત થઈ હતી જેથી ધાર્મિક સ્થળોમાં ભાજપને વધારે મહેનત કરવી પડે તેવું ચિત્ર દેખાઈ રહ્યું છે.

ધાર્મિક સ્થળોની વાત કરવામાં આવે તો હિંદુત્વનું મોજું અહીં દેખાયું નથી. ૧૯૯૦ બાદથી ૨૦૦૭માં જ ભાજપે અહીં શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો એ વખતે પાંચ બેઠકો આઠ પૈકી ભાજપે જીતી હતી. દ્વારકામાંથી અગાઉ ચૂંટાઈ આવેલા પભુબા માણેક અપક્ષ ઉમેદવાર તરીકે રહ્યા છે. તેઓ ૨૦૦૨માં કોંગ્રેસમાં જોડાઈ ગયા હતા. જયારે ૨૦૦૭માં તેઓ ભાજપમાં સામેલ થયા હતા અને જીત થઈ હતી. તાજેતરના વર્ષોમાં ભાજપે ચોટીલા, ચકલાસી અને દ્વારકામાં સારો દેખાવ કર્યો છે. ચોટીલામાં પેટા ચૂંટણીમાં ભાજપની જીત થઈ છે. ભાજપના એક અધિકારીનું કહેવું છે કે લઘુમતી સમુદાયના લોકો પણ મોટી સંખ્યામાં વિસ્તારમાં રહેલા છે. આ વખતની ચૂંટણી પણ તમામ પક્ષો માટે પડકારરૂપ રહે તેવી શકયતા છે. આઠ વિધાનસભા બેઠકોમાં ભાવનગર જિલ્લામાં સ્થિત પાલીતાણામાં ભાજપ વર્ચસ્વ જમાવવામાં સફળ રહ્યું છે પરંતુ અંબાજીમાં ૧૯૯૮ બાદથી ભાજપની જીત થઈ નથી. ચોટીલામાં પણ અપક્ષ ઉમેદવારોનું વર્ચસ્વ રહ્યું છે. ૨૦૦૨માં હિંદુત્વનું મોજું રહ્યું હોવા છતાં ભાજપના ઉમેદવાર સ્પર્ધામાં પણ ન હતા. ૧૯૯૮માં પણ અપક્ષ અને કોંગ્રેસ વચ્ચે જે સ્પર્ધા હતી. ગુજરાત કોંગ્રેસના વડા અર્જુન મોઢવાડિયા માને છે કે આ મંદિર શહેરોમાં ધાર્મિક ધ્રુવીકરણની સ્થિતિ દેખાઈ નથી.

### જીતવા માટેની ફોર્મ્યુલા

૧૯૯૦ બાદથી ભાજપે મંદિર શહેરોમાં ૨૦૦૭માં જ સૌથી સારો દેખાવ કર્યો હતો. હજુ સુધીનો પ્રવાહ દર્શાવે છે કે જીતવા માટેની ફોર્મ્યુલા ઉમેદવાર સાથે સંબંધિત છે. ધર્મ ઉપર મામલો આધારિત નથી. હિંદુત્વનું મોજું મતદારોને ધાર્મિક સ્થળોમાં આકર્ષિત કરી શક્યું નથી. આંકડા નીચે મુજબ છે.

| વર્ષ | ભાજપ | કોંગ્રેસ | અન્ય |
|---|---|---|---|
| ૧૯૯૦ | ૧ | ૨ | ૫ |
| ૧૯૯૫ | ૨ | ૪ | ૨ |
| ૧૯૯૮ | ૩ | ૪ | ૧ |
| ૨૦૦૨ | ૩ | ૪ | ૧ |
| ૨૦૦૭ | ૫ | ૩ | ૦ |

### ધાર્મિક બેઠકોનું ચિત્ર...

વર્ષ ૧૯૯૦ બાદથી ભાજપે ૨૦૦૭માં જ મંદિર શહેરોમાં આવેલી આઠ બેઠકો પૈકી પાંચ બેઠકો જીતીને શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો. એકંદરે મંદિર શહેરોમાં પ્રભુત્વ કોઈ એક પાર્ટીનું રહ્યું નથી. ૧૯૯૮ બાદથી આંકડા નીચે મુજબ છે.

| મંદિર શહેર | બેઠક | ૨૦૦૭ | ૨૦૦૨ | ૧૯૯૮ |
|---|---|---|---|---|
| ચોટીલા | ચોટીલા | કોંગ્રેસ | અપક્ષ | કોંગ્રેસ |
| દ્વારકા | દ્વારકા | ભાજપ | કોંગ્રેસ | અપક્ષ |
| સોમનાથ | સોમનાથ | ભાજપ | કોંગ્રેસ | ભાજપ |
| ડાકોર | ચકાસી | કોંગ્રેસ | કોંગ્રેસ | કોંગ્રેસ |
| અંબાજી | દાતા | કોંગ્રેસ | કોંગ્રેસ | કોંગ્રેસ |
| પાવાગઢ | હાલોલ | ભાજપ | ભાજપ | કોંગ્રેસ |
| પાલીતાણા | પાલીતાણા | ભાજપ | ભાજપ | ભાજપ |
| ગિરનાર | જૂનાગઢ | ભાજપ | ભાજપ | ભાજપ |


ચૂંટણી પેનલ દ્વારા કોઈ અંકુશ નહીં હોવાથી સ્પર્ધા

# ભાજપ અને કોંગ્રેસની વચ્ચે હવે વેબ વોર ચરમસીમાએ

## ભાજપ-કોંગ્રેસ બંને ઈન્ટરનેટ ઉપર એકબીજા સામે પૂરતા આંકડાકીય શસ્ત્રો સાથે આકરા ઉપર પ્રહાર કરી રહ્યા છે

અમદાવાદ,તા.૨૯

વિધાનસભાની ચૂંટણી પહેલા હવે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે વેબ વોર્નની શરૂઆત થઈ ગઈ છે. આંકડાઓ સાથે સજ્જ થઈને પાર્ટીઓ નેટ ઉપર એકબીજા સામે મેદાનમાં આવી ગઈ છે. નેટ ઉપર ચૂંટણી પેનલ દ્વારા કોઈ અંકુશ નહીં હોવાથી અહીં સ્પર્ધા વધુ જામી રહી છે. રાજકીય પક્ષો પણ જાણે છે કે સામાજિક મીડિયાનું મહત્વ વધી ગયું છે જેથી ઈન્ટરનેટ ઉપર હવે એકબીજા પર આક્ષેપોનો દોર શરૂ થઈ ગયો છે. સામાજિક મીડિયા ઉપર મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસ શરૂ થયા છે. એક સારી બાબત એ છે કે ઈન્ટરનેટ પ્રચાર ઉપર ચૂંટણી પંચ દ્વારા કોઈ અંકુશ મૂકવામાં આવ્યો નથી. બેનરો અને પોસ્ટરો ઉપર પ્રતિબંધ મૂકી શકાય છે પરંતુ નેટ ઉપર મતદારો સાથે સીધા સંપર્કમાં રાજકારણીઓ આવી ગયા છે.




કેટલાક ભાજપ અને કોંગ્રેસના સભ્યો દ્વારા તેમની સામાજિક ઈમેજ જાળવી રાખવા માટે પ્રોફેશનલોને પણ રોકી દીધા છે. કોંગ્રેસે તાજેતરમાં જ લોકપ્રિય સોસિયલ નેટવર્કિંગ સાઈટ ઉપર જોઈન્ટ હેન્ડ ફોર ચેન્જ નામ સાથે ઝુંબેશ હાથ ધરી હતી. આની નોંધ લેવામાં આવી હતી. સૂત્રોનું કહેવું છે કે અર્જુન મોઢવાડિયાએ આ વ્યૂહરચના રજૂ કરી છે. આના માટે કેટલાક ગીતો પણ તૈયાર કરવામાં આવ્યા છે. કોંગ્રેસના પ્રહારોનો સામનો કરવા માટે ભાજપે પણ ગુજરાત ટુથ નામથી એક ઝુંબેશ હાથ ધરી છે. વેબ પેજ શરૂ કરવામાં આવ્યા બાદ ભાજપે ગુજરાતમાં અસરકારક સરકારના ૧૧ વર્ષોની ૧૧ વાસ્તવિકતાઓ રજૂ કરી છે. દરરોજના આધાર ઉપર આમા સુધારા થઈ રહ્યા છે. આંકડા ઉપરાંત બંને પક્ષો દ્વારા પેજ ઉપર વીડિયો, કેરીકેચર, અન્ય મહત્વપૂર્ણ માહિતી આપવામાં આવી છે. કોંગ્રેસ દ્વારા બુદ્ધિજીવીઓને આકર્ષિત કરવાના પ્રયાસો થઈ રહ્યા છે. આગામી દિવસોમાં બંને પક્ષો વચ્ચે વેબ વોર વધુ તીવ્ર બને તેવી શક્યતા દેખાઈ રહી છે.

# ગાંધીનગર જિલ્લામાં હથિયારો લઈ ફરવા પર પ્રતિબંધ

## જેમને હથિયાર લઈ જવાની ફરજ સોંપાઈ હોય અને જે ઈન્ડિયન નેશનલ રાયફલ એસોસીએશનના સભ્ય હોય તેમને આ પ્રતિબંધ લાગુ પડશે નહીં

**ગાંધીનગર, તા. ૨૯**

**ગાંધીનગર જિલ્લાના મહેસુલી વિસ્તારમાં સમાવિષ્ટ વિધાનસભા મતદાર વિભાગની સામાન્ય ચૂંટણી ૨૦૧૨ તા. ૧૭-૧૨-૨૦૧૨ ના રોજ યોજાનાર છે. ચુંટણી મુક્ત અને ન્યાયી વાતાવરણમાં યોજાય તે માટે ચૂંટણી તંત્ર પ્રયત્નશીલ છે. તેમજ ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કોઇ વ્યક્તિને અડચણ ત્રાસ કે નુકશાન અથવા લોકોના જાન, સ્વાસ્થ્ય કે સલામતીને થતું જોખમ અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે જાહેરમાં શસ્ત્રો કે હથિયારો લઇને ફરવા ઉપર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ગાંધીનગર શ્રી ડૉ. એમ. ડી. મોડિયાએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ - ૧૯૭૩ ની કલમ - ૧૪૪ થી મળેલ સત્તાને રૂએ મનાઇ ફરમાવી છે.**

**જે અનુસાર ગાંધીનગર શહેરની, ગાંધીનગર જિલ્લાની કે અન્ય કોઇ પણ વ્યક્તિ પરવાનો ધરાવતી હશે, તો પણ ગાંધીનગર જિલ્લામાં પોતાની શસ્ત્રો કે હથિયારો લઇ જઇ કે ફરી શકશે નહીં.**

**આ હુકમ સરકારી નોકરીનું કામકાજ કરતી કોઇ પણ વ્યક્તિ તેની ફરજના ભાગરૂપે તેના ઉપરી અધિકારીએ આવું કોઇ પણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું હથિયાર લઇ જવાની ફરજ હોય અને ઇન્ડિયન નેશનલ રાયફલ એસોસીએશન સભ્યોને લાગું પડશે નહીં.**

**આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતના દંડ સંહિતાની કલમ - ૧૮૮ મુજબ સજા તથા દંડને પાત્ર થશે. આ હુકમનો અમલ સમગ્ર મહેસુલી વિસ્તારમાં સમાવિષ્ટ વિધાનસભા મતદાર વિભાગની સામાન્ય ચૂંટણી-૨૦૧૨ ની સમગ્ર ચૂંટણી પ્રક્રિયા પૂરી થયા તા. ૨૪-૧૨-૨૦૧૨ સુધી અમલમાં રહેશે.**

# પ્રધાનમંડળમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ : ચૂંટણીલક્ષી વ્યૂહ

કેન્દ્રના મંત્રીમંડળનો ગંજીફો ચીપી મોવડીમંડળે કોંગ્રેસને વધુ ઊર્જાવાન અને તાકાતવાળી બનાવવાનો પ્રયાસ કર્યો છે. દક્ષિણનાં રાજયોમાંથી ગત લોકસભાની ચૂંટણીમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના ઉમેદવારો ચૂંટાયા હતા. કોંગ્રેસ સંસદીય પક્ષના 'યુપીએ-૨'ના કુલ સભ્યો પૈકી ત્રીજા ભાગના સભ્યો દક્ષિણનાં રાજ્યોમાંથી આવે છે. અને આંધ્રપ્રદેશમાં કોંગ્રેસ ખૂબ જ અસરકારક રહી હતી એનું કારણ 'વાયએસઆર'ના હુલામણા નામે ઓળખાતા આંધ્રપ્રદેશના તત્કાલીન મુખ્યમંત્રી વાય. ચંદ્રશેખર રેડ્ડી હતા. એમના અકાળ અવસાન પછી જે સત્તાની સાઠમારી ચાલી એમાં એમના પુત્ર જગન રેડ્ડીના બળવા પછી પ્રાદેશિક કક્ષાએ કોંગ્રેસની તાકાતનું ભારે ધોવાણ થવા પામ્યું છે. જગન રેડ્ડી સામે મુકાયેલી વિવિધ પ્રકારની સરકારી તપાસો અને એમની વિરુદ્ધ થયેલી ન્યાયિક કાર્યવાહી પણ કોંગ્રેસ માટે બૂમરેંગ સાબિત થઈ છે. જગન રેડ્ડીએ એમની આગવી 'વાયએસઆર કોંગ્રેસ' બનાવી દીધી છે અને એમને ભારે જન સમર્થન પણ મળ્યું છે. ઉપરાંત તેલંગણાનો ઉકળતો ચરુ પણ કોંગ્રેસ માટે શિરદર્દ સમો હતો જ. એથી નવા મંત્રીમંડળમાં આંધ્રપ્રદેશનું અને દક્ષિણનાં અન્ય રાજ્યોનું પ્રતિનિધિત્વ વધારી દઈ આગામી વર્ષ-દોઢ વર્ષ પછી આવનારી લોકસભાની ચૂંટણી સુધીમાં 'ડૅમેજ કંટ્રોલ' કરી કોંગ્રેસ તરફી હવા ઊભી કરવા માટેની કવાયત કરવામાં આવી છે. રેણુકા ચૌધરી જેવા આખાબોલા પ્રવક્તા ઉપરાંત શશી થરુર જેવા તજજ્ઞ નેતાની પુનઃસ્થાપના પાછળ કોંગ્રેસ હાઈકમાંડનો આ જ આશય રહેલો છે.

નવા ફેરફારોમાં ગુજરાતને પણ ધ્યાને લેવાયું છે. હાલ કેન્દ્રમાં ત્રણ મંત્રીઓ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરે છે. આદિવાસી નેતા સ્વ. અમરસિંહ ચૌધરીના પુત્ર ડૉ. તુષાર ચૌધરી પ્રમાણમાં જુનિયર હોવા છતાં તેમને વાહનવ્યવહાર ખાતાના રાજ્યમંત્રી બનાવાયા છે અને એમનાથી સિનિયર બેઉ મંત્રીઓને બઢતી આપવામાં આવી છે. ગુજરાતમાં તો હાલ તુરત વિધાનસભાની ચૂંટણી જાહેર થયેલ છે. બરાબર તાકડે તાકડો સાધીને પાંચ વરસ અગાઉ નરેન્દ્ર મોદી સામે મણિનગર બેઠક પરથી ચૂંટણી લડવા માટે ઉતારવામાં આવેલા મહારથી દિનશા પટેલને બઢતી આપીને ખાણ-ખનીજ ખાતાના કૅબિનેટ મંત્રી બનાવાયા છે. આ અગાઉ આ જ ખાતાનો તેઓ સ્વતંત્ર હવાલો સંભાળતા હતા, પરંતુ એમનો દરજ્જો રાજ્યકક્ષાના મંત્રીનો જ હતો. દિનશા પટેલ 'યુપીએ' સરકારમાં શરૂથી જ રાજ્યકક્ષાના મંત્રી તરીકે સેવાઓ આપતા રહ્યા છે. એમની કામગીરી અને રાજકીય ચારિત્ર્ય વિશે ઘણો ઊંચો અભિપ્રાય પ્રવર્તે છે. ક્યારેક સ્વ. બાબુભાઈ જશભાઈ પટેલના જમણા હાથ ગણાતા દિનશા પટેલ એકાદ-બે ચૂંટણીઓમાં જ હાર્યા છે : એક વાર તેઓ નડિયાદ વિધાનસભાની બેઠકમાં ભાજપના યુવાન ઉમેદવાર સામે પરાજિતથયા હતા અને છેલ્લે ગત વિધાનસભાની ચૂંટણીમાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે મણિનગર બેઠક પરથી હાર્યા એ સિવાય અત્યાર સુધીની સુદીર્ઘ કારકિર્દી દરમ્યાન દિનશા હરહંમેશ વિજયની વરમાળા જ પહેરતા રહ્યા છે. તેઓ સંસ્થા કોંગ્રેસ, જનતા પાર્ટી કે જનતા દળના ઉમેદવાર તરીકે કોંગ્રેસના ઉમેદવારોને હરાવતા રહ્યા છે અને કોંગ્રેસમાં ભળી ગયા પછી ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને હરાવતા રહ્યા છે. સરદાર પટેલનું અમદાવાદ ખાતેનું રાષ્ટ્રીય સ્મારક દિનશા પટેલના

### ચૂંટણીને ચોરે

- ડો. કેશુભાઈ દેસાઈ

પ્રયત્નોને કારણે શક્ય બન્યું છે. તેઓ મૂળે ઈન્દિરા ગાંધીની વિરુદ્ધ લડતા રહેલા મોરારજી દેસાઈ, બાબુભાઈ જશભાઈ પટેલ અને ચિમનભાઈ પટેલની સાથે ઘરોબો ધરાવનારા નેતા તરીકે સ્વાભાવિક રીતે જ ઈન્દિરાજીના વફાદાર કોંગ્રેસી આગેવાનોની આંખમાં ખૂંચતા રહ્યા છે. પરંતુ એક બાહોળ અને પ્રામાણિક લોકનેતા તરીકેની એમની ઈમેજ એમને ડૉ. મનમોહનસિંહના મંત્રીમંડળના નવા કૅબિનેટ મંત્રી પદ સુધી દોરી ગઈ છે. દિનશા પટેલને આ પ્રમોશન ઘણું વહેલું મળવું જોઈતુંત હતું. એમને મોડે મોડે પણ ન્યાય મળ્યો છે. એથી ચરોતર અને ગુજરાતના અન્ય પ્રદેશોની પાટીદાર કોમમાં ખુશાલીની લહેર ફરી વળી છે. દિનશા પટેલને નરેન્દ્ર મોદી વિરુદ્ધ ગુજરાતના ભાવિ મુખ્યમંત્રી તરીકે પ્રોજેક્ટ કરવામાં આવ્યા હોત તો કદાચ કોંગ્રેસથી વિમુખ થઈ ગયેલો પાટીદાર સમાજ ભારે ઉત્સાહપૂર્વક કોંગ્રેસની તરફેણ કરતો થઈ ગયો હોત. પરંતુ કોંગ્રેસને એવું જોખમ લેવા જતાં ક્ષત્રિય-બક્ષીપંચની કૂણી લાગણી અને શુભેચ્છા ગુમાવવાનો ડર લાગતો હોય એમ લાગે છે.

પાટીદાર સમાજનો રાજીપો વહોરવા માટે કેન્દ્ર સરકારમાં સૌરાષ્ટ્રના ખમતીધર પાટીદાર અગ્રણી શ્રી વિઠ્ઠલભાઈ રાદડિયાને સમાવવા વિશેનો તખ્તો ગોઠવાઈ ચૂક્યો હતો. સૌરાષ્ટ્રમાં માજી મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના વધતા જતા પાટીદાર-પ્રભાવથી કોંગ્રેસનો પાટીદાર બેઝ સમૂળગો ધોવાઈ ન જાય એની પણ કોંગ્રેસને સ્વાભાવિક રીતે જ ફિકર હોય.

વિઠ્ઠલ રાદડિયા રાજકોટ-પોરબંદર પંથકમાં લોકપ્રિય પાટીદાર અગ્રણી તરીકે ઉપસી આવ્યા છે. સહકારીક્ષેત્રે પણ એમની બોલબાલા છે. રાદડિયાના સુપુત્ર જયેશ રાદડિયાને કોગ્રેંસી ધારાસભ્ય છે .આ બધી બાબતોને ધ્યાને લઈ વિઠ્ઠલ રાદડિયાને કેન્દ્રિય કૅબિનેટમાં સમાવી એક કાંકરે બે પક્ષી પાડવાની વ્યૂહરચના ઘડાઈ હતીઃ કૅબિનેટમાં સૌરાષ્ટ્રને પ્રતિનિધિત્વ મળે અને ભાજપની પરંપરાગત પાટીદાર વોટ બેંકમાં પણ ગાબડું પાડી શકાય.

રાદડિયાએ હાઈવે ટોલનાકા પર મિજાજ ગુમાવીને આ સોનેરી તક હાલ પૂરતી તો ગુમાવી જ દીધી છે. પરંતુ એથી કોગ્રેંસની વ્યૂહ રચના પણ અમુક અંશે તો ખોરવાઈ છે, એ નક્કી. મનમોહન કૅબિનેટમાં રાજ્યકક્ષાના રેલવેમંત્રી તરીકે કાર્યરત ભરતસિંહ સોલંકી પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીના પુત્ર છે. ભરતસિંહ સોલંકીએ રાજયકક્ષાના ઊર્જામંત્રી તરીકે તેમજ રેલમંત્રી તરીકે નોંધપાત્ર કામગીરી બજાવી છે, પરંતુ એ કામગીરી કરતાં સવિશેષ ઊજળું પાસું એમની રાજકીય વિરાસત અને બક્ષી-પંચ- ક્ષત્રિય મતદારો ઉપરની મજબૂત ગણાતી પકડ છે. ભરતસિંહ સોલંકીએ એમના નાના ઈશ્વરભાઈ ખોડાભાઈ સોલંકી અને પિતા માધવસિંહ સોલંકીનો રાજકીય વારસો અકબંધ જાળવી જાણ્યો છે. આણંદ પંથકમાં એ અણનમ ગણાય છે. ગુજરાતના મજબૂત ઓબીસી નેતા તરીકે એમને ઉપેક્ષી શકાય એમ નહોતા, એથી દિનશા પટેલને કૅબિનેટ દરજ્જો અપાયો એની સાથોસાથ ભરતસિંહ સોલંકીને પેયજળ અને સફાઈ (સૅનિટેશન) વિભાગનો સ્વતંત્ર હવાલો અપાયો છછે. આમ, ગંજીફો ચીપતી વખતે કોગ્રેંસના મોવડી મંડળ પાટીદાર અને બક્ષીપંચની જ્ઞાતિઓનું સંતુલન જાળવી બેઉં મંત્રીશ્રીઓને બઢતી આપી વિધાનસભાની ચૂંટણીમાં વધુ સારો દેખાવ કરવાની અપેક્ષા સાથે વિધાનસભાની ચૂંટણી બાદ ગુજરાતમાંથી વધુ બે મંત્રીઓ લેવાની 'લાલચ' પણ આપી જ રાખી છે. સૌરાષ્ટ્ર કેન્દ્રમાં પ્રતિનિધિત્વ વિહોણું રહ્યું છે, એનો રંજ સૌરાષ્ટ્રને ન રહે એ માટે સ્તો સોનિયા ગાંધીએ આ ચૂંટણીઓ નિમિતે એમની પ્રથમ જાહેરસભા સૌરાષ્ટ્રમાં રાજકોટ ખાતે યોજવાનો આગ્રહ રાખ્યો હતો. વળી, ગુજરાત કોગ્રેંસનાં સૌથી વધુ વજનદાર એવાં બેઉ પદ- પક્ષ પ્રમુખનું પદ અને વિધાનસભા કોગ્રેંસપક્ષના નેતાનું પદ- સૌરાષ્ટ્રના અગ્રણીઓ હસ્તક છે. તેથી કોગ્રેંસ આગામી ચૂંટણી



